સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 12

[MAR - 2020]
[15/03/20 to 21/03/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.


## CURRENT TOPICS

- સાયબર ચેલેન્જ 2020 હેકાથોનમાં ગુજરાત પોલીસ પ્રથમ
- NASSCOM એ માઈક્રોસોફ્ટ સાથે મળીને શરૂ કર્યું Innovate for Accessible India અભિયાન
- કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 4 ટકાનો વધારો
- ભારતના પ્રસિદ્ધ ફૂટબોલર શ્રી પી. કે. બેનર્જીનું નિધન
- બંગાળને પરાજય આપીને સૌરાષ્ટ્ર વર્ષ 2019-20ની રણજી ટ્રોફીમાં ચેમ્પિયન
- ભારતમાં આર્મી બાદ નેવીમાં પણ મહિલાઓને સ્થાયી નિયુક્તિ આપવા સુપ્રીમનો આદેશ


WWW.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

## 15 MARCH, 2020 SUNDAY

➤ દિવસ મહિમા : 15 માર્ચ, (1) વિશ્વ ગ્રાહક દિન અથવા વિશ્વ ગ્રાહક અધિકાર દિન (World Consumer Day or World Consumer Rights Day)
(2) World Speech Day
(3) વિશ્વ સંપર્ક દિવસ (World Contact Day)
(4) પોલીસ ક્રૂરતા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Police Brutality)

### વિશ્વ ગ્રાહક દિન




ગ્રાહક સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 15 માર્ચના રોજ 'વિશ્વ ગ્રાહક દિન' અથવા તો 'વિશ્વ ગ્રાહક અધિકાર દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- Consumer International દ્વારા ઉજવાતા આ દિવસની ઉજવણીનો એક અન્ય હેતુ 'ગ્રાહક અધિકાર'ના સંરક્ષણ અને એ અંગે જાગૃતિનો પણ છે.
- વર્ષ 2020ની 'વિશ્વ ગ્રાહક દિન'ની થીમ 'The Sustainable Consumer' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 4 ટકાનો વધારો

13 માર્ચ, 2020ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (Dearness Allowance - DA)માં અને પેન્શનરોની મોંઘવારી રાહત (Dearness Relief - DR)માં 4 ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

- સરકારના આ નિર્ણયનો અમલ 1 જાન્યુઆરી, 2020થી થશે.
- આ સાથે જ મોંઘવારી ભથ્થાનો વર્તમાન દર 17 ટકાથી વધીને 21 ટકા થઈ જશે.
- સરકારના આ નિર્ણયથી કેન્દ્ર સરકારના આશરે 49.93 લાખ કર્મચારીઓ અને 65.26 લાખ પેન્શનરોને લાભ મળશે.
- જ્યારે આ નિર્ણયથી સરકારની તિજોરી પર દર વર્ષે આશરે રૂ. 14,595 કરોડનો બોજ પડશે.

### મોંઘવારી ભથ્થાના દરમાં ફેરફાર ક્યારે થાય છે ?

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે વર્ષમાં બે વખત 1 જાન્યુઆરીથી અને 1 જુલાઈથી અમલમાં આવે તે રીતે મોંઘવારી ભથ્થાના દરમાં ફેરફાર કરવામાં આવે છે.

- ભારતમાં કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થાનો દર ફૂગાવાના દરને આધારે નક્કી કરવામાં આવે છે.

### 1 જાન્યુઆરી 2020થી સરકારના નિર્ણયનો અમલ કઈ રીતે ?

સામાન્ય રીતે ભારતમાં સરકારના કોઈ પણ નિર્ણયના અમલની જાહેરાત ત્રણ રીતે કરવામાં આવે છે :

(1) વર્તમાન અસરથી (2) ભવિષ્યની અસરથી (3) પાછલી અસરથી

- વર્તમાન અસરથી એટલે કે સરકારે જે દિવસે નિર્ણયની જાહેરાત કરી હોય તે દિવસથી જ એ નિર્ણયનો અમલ શરૂ થઈ જાય છે. દા.ત. નોટબંધી
- ભવિષ્યની અસરથી એટલે કે સરકારે ભવિષ્યની જે તારીખથી નિર્ણયના અમલની જાહેરાત કરી હોય તે તારીખથી ભવિષ્યમાં તે નિર્ણયનો અમલ શરૂ થશે. દા.ત. 1 એપ્રિલ, 2020થી ભારતમાં ફક્ત BS-VI સ્ટાન્ડર્ડવાળા એન્જિન ધરાવતા વાહનો જ વેચી શકાશે તેવો નિર્ણય.
- પાછલી અસરથી એટલે કે સરકારે હાલ જે નિર્ણય લીધો છે તેનો અમલ ભૂતકાળની જે તારીખથી નિર્ણયના અમલની જાહેરાત કરી હોય તે તારીખથી થશે. દા.ત. મોંઘવારી ભથ્થુ વધારવાનો વર્તમાન નિર્ણય.
- આ અંતર્ગત કેન્દ્ર સરકારના કર્મચારીઓને આ નવા નિર્ણયનો લાભ 1 જાન્યુઆરી, 2020થી જ આપવામાં આવશે. આથી, માર્ચ 2020 અગાઉના ફેબ્રુઆરી અને જાન્યુઆરી મહિનામાં પણ કેન્દ્ર સરકારના કર્મચારીઓને આ નવા દર પ્રમાણે જ મોંઘવારી ભથ્થુ ચૂકવવામાં આવશે. અને જો તેમને આ અગાઉ જૂના દર પ્રમાણે મોંઘવારી ભથ્થુ ચૂકવાઈ ગયું હોય તો તેનો અત્યાર સુધીનો ડિફરન્સ હવે પછી ચૂકવવામાં આવશે.

## ➤ બંગાળને પરાજય આપીને સૌરાષ્ટ્ર વર્ષ 2019-20ની રણજી ટ્રોફીમાં ચેમ્પિયન

તાજેતરમાં ભારતમાં 9 ડિસેમ્બર, 2019થી 13 માર્ચ, 2020 દરમિયાન 86મી રણજી ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ 2019-20નું આયોજન થયું હતું.



- આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં બંગાળને પરાજય આપીને ગુજરાતના સૌરાષ્ટ્રની ટીમે આ ટુર્નામેન્ટ જીતી લીધી છે.
- આ અગાઉ ગુજરાતના સૌરાષ્ટ્રની નવાનગરની ટીમે 1936-37માં આ ટુર્નામેન્ટ જીતી હતી.
- તાજેતરમાં આ અગાઉ યોજાયેલી 2018-19ની રણજી ટ્રોફી ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં વિદર્ભની ટીમ સામે સૌરાષ્ટ્રનો પરાજય થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE

### રણજી ટ્રોફીની ફાઈનલ મેચ

સૌરાષ્ટ્ર અને બંગાળ વચ્ચેની વર્ષ 2019-20ની રણજી ટ્રોફીની ફાઈનલ મેચ ગુજરાતના રાજકોટ ખાતે આવેલા સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમ અથવા તો ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમ પર યોજાઈ હતી.

- જેમાં સૌરાષ્ટ્રની ટીમના શ્રી અર્પિત વસાવડા 'પ્લેયર ઓફ દ મેચ' જાહેર થયા હતા.

**નોંધ :** (1) આ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્રની ટીમના કેપ્ટન શ્રી જયદેવ ઉનડકટ હતા. તેમણે આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 67 વિકેટ ઝડપી હતી.

(2) જ્યારે અરૂણાચલ પ્રદેશ તરફથી રમતા શ્રી રાહુલ દલાલે આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 1340 રન કર્યા હતા.

## રણજી ટ્રોફી ટુર્નામેન્ટ

રણજી ટ્રોફીએ ભારતની એક Domestic First Class Cricket Championship (ઘરેલુ પ્રથમ શ્રેણીની ટુર્નામેન્ટ) છે.

- આ ટુર્નામેન્ટમાં ભારતના વિવિધ રાજ્યો તથા પ્રદેશોની ટીમ ભાગ લે છે.
- ભારતમાં 1934થી આ ટુર્નામેન્ટ યોજાય છે.
- આ ટુર્નામેન્ટ 'ટેસ્ટ મેચ' ફોર્મેટમાં યોજાય છે.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમનારા ભારતના પ્રથમ ખેલાડી શ્રી રણજીતસિંહજીના નામ પરથી આ ટુર્નામેન્ટને 'રણજી ટ્રોફી' નામ આપવામાં આવ્યું છે.

## રણજી ટ્રોફીમાં ગુજરાત

રણજી ટ્રોફીમાં ગુજરાત તરફથી હાલ ત્રણ ટીમો ભાગ લે છે :

(1) સૌરાષ્ટ્ર

(2) બરોડા (અથવા વડોદરા) અને

(3) ગુજરાત

- જેમાં સૌરાષ્ટ્રની ટીમ અગાઉ નવાનગર તથા વેસ્ટર્ન ઈન્ડિયા તરીકે ઓળખાતી હતી.
- જેમાંથી નવાનગરે 1936-37માં આ ટુર્નામેન્ટ જીતી હતી.
- જ્યારે વેસ્ટર્ન ઈન્ડિયાએ 1943-44માં આ ટુર્નામેન્ટ જીતી હતી.
- વર્તમાન સૌરાષ્ટ્રની ટીમે 1950-51થી રણજી ટ્રોફી રમવાનો પ્રારંભ કર્યો છે.
- ત્યારબાદ સૌરાષ્ટ્રની ટીમે રણજી ટ્રોફીમાં પ્રથમ વખત આ ચેમ્પિયનશિપ જીતી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. 'World Speech Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ — (D)

2. 'વિશ્વ સંપર્ક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ — (D)

3. 'પોલીસ ક્રૂરતા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ — (D)

4. 'વિશ્વ ગ્રાહક દિન' અથવા તો 'વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ — (D)

5. વર્ષ 2020ની 'વિશ્વ ગ્રાહક દિન'ની થીમ શું છે ?
(A) Consumer Justice Now (B) The Sustainable Consumer
(C) Trusted Smart Products (D) Building a Digital World Consumers can Trust — (B)

6. માર્ચ 2020 દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં અને પેન્શનરોની મોંઘવારી રાહતમાં કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો છે ?
(A) 3 (B) 4 (C) 5 (D) 6 — (B)

7. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં તેમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 4 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ નવા વધારા સાથે હવે કેન્દ્ર સરકારના કર્મચારીઓનો કુલ મોંઘવારી ભથ્થાનો દર વધીને કેટલા ટકા થઈ ગયો છે ?
(A) 17 (B) 19 (C) 21 (D) 24 **(C)**

8. કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 4 ટકાનો વધારો કરવામાં આવ્યો છે...સરકારના આ નિર્ણયનો અમલ ક્યારથી થશે ?
(A) 1 એપ્રિલ, 2020 (B) 31 માર્ચ, 2020
(C) 1 માર્ચ, 2020 (D) 1 જાન્યુઆરી, 2020 **(D)**

9. રણજી ટ્રોફી 2019-20 વિજેતા ટીમનું નામ શું છે ?
(A) ગુજરાત (B) બંગાળ (C) સૌરાષ્ટ્ર (D) વિદર્ભ **(C)**

10. સૌરાષ્ટ્રે કઈ ટીમને પરાજય આપીને વર્ષ 2019-20ની રણજી ટ્રોફી ટુર્નામેન્ટ જીતી લીધી છે ?
(A) વિદર્ભ (B) મદ્રાસ (C) બોમ્બે (D) બંગાળ **(D)**

11. કયા સ્ટેડિયમમાં યોજાયેલી ફાઈનલ મેચમાં બંગાળને પરાજય આપીને સૌરાષ્ટ્રે રણજી ટ્રોફી ટુર્નામેન્ટ 2019-20 જીતી લીધી છે ?
(A) ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમ, રાજકોટ (B) મોટેરા ક્રિકેટ સ્ટેડિયમ, અમદાવાદ
(C) વાનખેડે ક્રિકેટ સ્ટેડિયમ, મુંબઈ (D) અરૂણ જેટલી ક્રિકેટ સ્ટેડિયમ, દિલ્હી **(A)**

12. વર્ષ 2019-20ની રણજી ટ્રોફી વિજેતા સૌરાષ્ટ્રની ટીમના કેપ્ટન કોણ હતા ?
(A) શ્રી અર્પિત વસાવડા (B) શ્રી જય શાહ
(C) શ્રી જયદેવ ઉનડકટ (D) શ્રી રાહુલ દલાલ **(C)**

## 16 MARCH, 2020 MONDAY

### ➤ સાયબર ચેલેન્જ 2020 હેકાથોનમાં ગુજરાત પોલીસ પ્રથમ




તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય અંતર્ગતના National Crime Records Bureau (NCRB) દ્વારા 'ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ હેકાથોન અને સાયબર ચેલેન્જ 2020' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

- જેમાં ભારતના વિવિધ રાજ્યો તથા પ્રાઈવેટ સાયબર એક્સપર્ટ દ્વારા આશરે 500 જેટલી એન્ટ્રી આવી હતી.
- આ અંતર્ગત ગુજરાત પોલીસે પણ આ સ્પર્ધામાં બે એન્ટ્રી સાથે ભાગ લીધો હતો :

(1) **સાયબર આશ્વસ્ત પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સીડન્ટ રિસ્પોન્સ યુનિટ અને**
(2) **ઈન્કમટેક્સ કેઈસ ડિટેક્શન**

- આ સ્પર્ધામાં કુલ 500 જેટલી એન્ટ્રીમાંથી ગુજરાતની આ બંને એન્ટ્રીને પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું છે.
- આ હેકાથોનમાં અલગ અલગ 3 ટ્રેક રાખવામાં આવ્યા હતા. એ પૈકીના ટ્રેક-3 અંતર્ગત ગુજરાત પોલીસને ઈ-રક્ષા એવોર્ડ એનાયત થયો છે.
- આ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવવા બદલ ગુજરાત પોલીસને આ ઈ-રક્ષા એવોર્ડ એનાયત થયો છે.

**નોંધ :** નવી દિલ્હીમાં NCRBના 35મા સ્થાપના દિવસ નિમિત્તે આયોજિત એક સમારોહમાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી શ્રી નિત્યાનંદ રાયના હસ્તે ગુજરાત પોલીસ વતી સાઈબર ક્રાઈમ સેલના ડી.સી.પી. ડો. રાજદીપસિંહ ઝાલાને આ એવોર્ડ એનાયત થયો હતો.

## ➤ ગુજરાતમાં 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' અંતર્ગત લાભાર્થી માતા બહેનોને હવે ડાયરેક્ટ તેમના પોસ્ટ ખાતામાં સહાય મળશે

ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણીએ** ગુજરાતમાં **'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના'**ની લાભાર્થી બહેનોને આપવામાં આવતી માસિક સહાય **સીધી જ લાભાર્થીના પોસ્ટ ખાતામાં** જમા કરાવવાની **DBT** એટલે કે **Direct Benefit Transfer** પદ્ધતિનો પ્રારંભ કરાવ્યો છે.

- આ અંતર્ગત ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના 33 જિલ્લાઓના કુલ 3.70 લાખ લાભાર્થી માતા-બહેનોને એક સાથે માસિક સહાય પેન્શનના કુલ 53 કરોડ રૂપિયા તેમના પોસ્ટ ખાતામાં માત્ર એક જ ક્લીકથી જમા કરાવ્યા હતા.
- આ માટે કેન્દ્ર સરકારના **National Social Assistance Programme (NSAP) Portal**ને ગુજરાત સરકારના **મહિલા અને બાળ વિકાસ વિભાગ** સાથે જોડવામાં આવ્યું છે.

### ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના

ગુજરાતમાં નિરાધાર વિધવા માતા બહેનોને આર્થિક સહાય આપવાના ઉદ્દેશથી ગુજરાત સરકાર દ્વારા **'વિધવા સહાય પેન્શન યોજના'** નામથી એક યોજના શરૂ કરવામાં આવી હતી.

- આ યોજના હવે **'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના'** તરીકે ઓળખાય છે.
- આ યોજના અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા વિધવા બહેનોને **દર મહિને** માસિક **રૂ. 1250** સહાય આપવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત અગાઉ જે વિધવા બહેનોના પુત્રની ઉંમર **21 વર્ષ કે વધુ** હોય તેમને આ યોજના અંતર્ગત સહાય મળતી ન હતી. અથવા તો પુત્રની ઉંમર 21 વર્ષ કે તેથી વધુ થતાં જ સહાય મળતી બંધ થઈ જતી હતી.
- જોકે હવે વિધવા બહેનોને પુત્રની ઉંમર **21 વર્ષ થઈ ગયા બાદ પણ** આ સહાય મળશે.
- આ યોજનાનો લાભ મેળવવા માટે વિધવા બહેનોની વાર્ષિક આવક **ગ્રામ્ય વિસ્તાર**માં **1.2 લાખ કે તેથી ઓછી** તથા **શહેરી વિસ્તાર**માં **1.5 લાખ કે તેથી ઓછી** હોવી જરૂરી છે.

**નોંધ :** (1) હવે આ યોજના અંતર્ગત **દર મહિનાના પ્રથમ અઠવાડિયામાં જ** આ સહાય લાભાર્થી બહેનોના પોસ્ટ ખાતામાં જ જમા થઈ જાય એવી વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે.

(2) ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ **ગાંધીનગર** ખાતેથી આ વ્યવસ્થાનો પ્રારંભ કરાવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારતમાં મોબાઈલ, દિવાસળી તથા વિમાન સંબંધિત GST દરોમાં ફેરફાર

14 માર્ચ, 2020ના રોજ ભારતમાં નવી દિલ્હી ખાતે કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનની અધ્યક્ષતામાં GST પરિષદની 39મી બેઠકનું આયોજન થયું હતું.

- આ બેઠકમાં ભારતમાં મોબાઈલ ફોન તથા તેના સ્પેરપાર્ટ્સ પરનો GST દર 12 ટકાથી વધારીને 18 ટકા કરવામાં આવ્યો છે.
- ભારતમાં તમામ પ્રકારની દિવાસળી અથવા તો માચિસ પરનો GST દર 12 ટકા કરવામાં આવ્યો છે. આ અગાઉ ભારતમાં હાથથી તૈયાર થતી દિવાસળી પર 5 ટકા અને અન્ય દિવાસળી પર 18 ટકા GST દર વસૂલવામાં આવતો હતો.
- જોકે, હવે તમામ પ્રકારની દિવાસળી અથવા તો માચિસ પર એક સરખો જ 12 ટકા GST દર નક્કી કરવામાં આવ્યો છે. આથી, કઈ માચિસ પર કેટલા ટકા GST વસૂલ કરવો એ અંગેની સમસ્યાનું સમાધાન થશે.
- આ ઉપરાંત ભારતમાં વિમાનના મેઈન્ટેનન્સ, રિપેરિંગ અને ઓવરહોલિંગ (MRO) સર્વિસ પરનો GST દર 18 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે.
- જેનાથી ભારતમાં MRO સર્વિસના વિકાસને પ્રોત્સાહન મળશે. અને આ માટે વિમાનને વિદેશમાં મોકલવામાં થતા ખર્ચમાં ઘટાડો થશે.

**નોંધ :** (1) ભારતમાં આ નિર્ણયના અમલ માટે 1 એપ્રિલ, 2020ના રોજ નોટિફિકેશન જાહેર કરવામાં આવશે.

(2) જેમનું ટર્નઓવર 2 કરોડ રૂપિયાથી ઓછું હોય તેવા કરદાતાઓ એ નાણાકીય વર્ષ 2017-18 તથા 2019-20 માટે લેટ રિટર્ન ફાઈલ કરવા પર દંડ ભરવો પડશે નહિ એવો પણ નિર્ણય કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### GSTના દરોમાં ફેરફાર

| ક્રમ | ચીજવસ્તુ/સર્વિસ | GST દર જૂનો | GST દર નવો |
|---|---|---|---|
| 1 | મોબાઈલ ફોન તથા મોબાઈલ સ્પેરપાર્ટ્સ | 12 ટકા | 18 ટકા |
| 2 | દિવાસળી અથવા માચિસ | 5 ટકા, 18 ટકા | 12 ટકા |
| 3 | વિમાનના મેઈન્ટેનન્સ, રિપેરિંગ અને ઓવરહોલિંગ (MRO) | 18 ટકા | 5 ટકા |

### GST કાઉન્સિલ શું છે ?

GST કાઉન્સિલ એ ભારતમાં GSTના સંચાલન માટેની એક Governing Body છે.

- GSTના દરો તથા GST અંગેના રુલ્સ એન્ડ રેગ્યુલેશન્સનું સંચાલન આ GST કાઉન્સિલ દ્વારા જ થાય છે.
- તેમાં 33 સભ્યો હોય છે.
- કેન્દ્ર સરકારના નાણામંત્રી આ GST કાઉન્સિલના અધ્યક્ષ હોય છે.
- ભારતના દરેક રાજ્યના નાણામંત્રી તેના સભ્ય હોય છે.

## ICE Questions

1. તાજેતરમાં કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય અંતર્ગતના NCRB દ્વારા આયોજિત 'ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ હેકાથોન અને સાયબર ચેલેન્જ 2020' સ્પર્ધામાં કયા રાજ્યની પોલીસને પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું છે ?

(A) દિલ્હી (B) મહારાષ્ટ્ર (C) ગુજરાત (D) મધ્યપ્રદેશ **(C)**

2. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા આયોજિત સાયબર ચેલેન્જ 2020 હેકાથોનમાં ગુજરાત પોલીસને કયો એવોર્ડ એનાયત થયો છે ?

(A) ઈ–રીક્ષા (B) ઈ–સાયબર (C) ઈ–સુરક્ષા (D) ઈ–રક્ષા **(D)**

3. કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત સાયબર ચેલેન્જ 2020 હેકાથોનમાં ગુજરાત પોલીસની કઈ બે એન્ટ્રીને પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું છે ?

1. સાયબર આશ્વસ્ત પ્રોજેક્ટ અંતર્ગત સ્પેશિયલ ક્રાઈમ યુનિટ
2. સાયબર આશ્વસ્ત પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સીડન્ટ રિસ્પોન્સ યુનિટ
3. સાયબર કેઈસ ડિટેકશન
4. ઈન્કમટેક્સ કેઈસ ડિટેકશન

(A) 1 અને 3 (B) 1 અને 4 (C) 2 અને 3 (D) 2 અને 4 **(D)**

4. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં મહિલાઓ માટેની કઈ યોજના અંતર્ગત મળતી સહાય સીધી જ લાભાર્થીના પોસ્ટ ખાતામાં જમા કરાવવા માટેની ડાઈરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) પદ્ધતિનો પ્રારંભ કરાવ્યો છે ?

(A) મહિલા પેન્શન યોજના (B) મહિલા આજીવિકા યોજના
(C) મુખ્યમંત્રી મહિલા કલ્યાણ યોજના (D) ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના **(D)**

5. 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. આ યોજના અગાઉ 'વિધવા સહાય પેન્શન યોજના' તરીકે ઓળખાતી હતી.
2. આ યોજના અંતર્ગત વિધવા બહેનોને દર મહિને માસિક રૂ. 1250 સહાય આપવામાં આવે છે.
3. આ માટે વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. 1.2 લાખ અને શહેરી વિસ્તારમાં રૂ. 1.5 લાખ છે.

(A) 1, 2, 3 (B) 1, 3 (C) 1, 2 (D) 2, 3 **(A)**

6. ગુજરાતમાં 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' અંતર્ગત લાભાર્થી માતા બહેનોને ડાયરેક્ટ તેમના પોસ્ટ ખાતામાં સહાય આપવા માટે કેન્દ્ર સરકારના કયા પોર્ટલને ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ સાથે જોડવામાં આવ્યું છે ?

(A) National Science Assistance Programme (NSAP)
(B) National Social Assistance Programme (NSAP)
(C) National Servant Assistance Programme (NSAP)
(D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. GST પરિષદની 39મી બેઠકમાં મોબાઈલ ફોન તથા તેના સ્પેરપાર્ટ્સ પરનો GST દર વધારીને કેટલો કરવામાં આવ્યો છે ?
(A) 12 ટકા (B) 18 ટકા (C) 22 ટકા (D) 28 ટકા **(B)**

8. GST પરિષદની 39મી બેઠકમાં ભારતમાં તમામ પ્રકારની દિવાસળી અથવા માચિસ પર GST દર કેટલો નક્કી કરવામાં આવ્યો છે ?
(A) 5 ટકા (B) 12 ટકા (C) 18 ટકા (D) 28 ટકા **(B)**

9. GST પરિષદની 39મી બેઠકમાં ભારતમાં વિમાનના મેઈન્ટેનન્સ, રિપેરિંગ અને ઓવરહોલિંગ (MRO) સર્વિસ પરનો GST દર કેટલા ટકા કરવામાં આવ્યો છે ?
(A) 5 ટકા (B) 12 ટકા (C) 18 ટકા (D) 28 ટકા **(A)**

## 17 MARCH, 2020 TUESDAY

### ➤ પ્રદૂષણના નિયમોનો ભંગ કરવામાં ભારતમાં ગુજરાતના ઉદ્યોગો મોખરે



ભારતમાં પ્રદૂષણના નિયમોના અમલ અંગે CPCB એટલે કે Central Pollution Control Board દ્વારા એપ્રિલ 2016થી માર્ચ 2020 દરમિયાન ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું.

- જેમાં કુલ 700માંથી 342 ઉદ્યોગો પર્યાવરણની જાળવણીના નિયમોનો ભંગ કરતા હોવાનું જાણવા મળ્યું છે.
- જેમાં સમગ્ર ભારતમાં સૌથી વધુ ગુજરાતના 41 ઉદ્યોગોનો સમાવેશ થયો છે.
- ગુજરાત બાદ 32 ઉદ્યોગો સાથે મહારાષ્ટ્ર બીજા અને 25-25 ઉદ્યોગો સાથે ઓડિશા અને ઉત્તરપ્રદેશ ત્રીજા ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITI

**પ્રદૂષણના નિયમોનો ભંગ કરતા ઉદ્યોગોની સૌથી વધુ સંખ્યા**

| ક્રમ | રાજ્ય | ઉદ્યોગો |
|---|---|---|
| 1 | ગુજરાત | 41 |
| 2 | મહારાષ્ટ્ર | 32 |
| 3 | ઓડિશા | 25 |
| | ઉત્તરપ્રદેશ | 25 |

**નોંધ :** (1) ભારતમાં પર્યાવરણની જોગવાઈઓનો ભંગ કરતા સૌથી વધારે ઉદ્યોગોમાં સ્ટીલ, સિમેન્ટ, પાવર અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રના ઉદ્યોગોનો સમાવેશ થાય છે.
(2) તાજેતરમાં ભારતના કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે લોકસભામાં આ માહિતી આપી હતી.

## ➤ Video Conference of SAARC LEADERS on Combating COVID-19




તાજેતરમાં ફેલાયેલા કોરોના વાઈરસને કારણે સર્જાયેલી વિપરિત પરિસ્થિતિનો સામનો કરવા માટે 15 માર્ચ 2020ના રોજ **સાર્ક દેશો**ના વડાઓની **વીડિયો કોન્ફરન્સ** યોજાઈ હતી.

- ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની સૂચનાથી યોજાયેલી આ વીડિયો કોન્ફરન્સને **'SAARC LEADERS on Combating COVID-19'** નામ આપવામાં આવ્યું હતું.
- આ વીડિયો કોન્ફરન્સમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **નવી દિલ્હી** ખાતેથી ભાગ લીધો હતો.
- ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં યોજાયેલી આ વીડિયો કોન્ફરન્સમાં સાર્ક દેશોના વડાઓએ ભાગ લીધો હતો.

**નોંધ :** સાર્ક દેશોની આ વીડિયો કોન્ફરન્સમાં એક માત્ર **પાકિસ્તાન** સિવાય અન્ય દેશોના રાષ્ટ્રપતિ અથવા તો વડાપ્રધાને ભાગ લીધો હતો. જ્યારે પાકિસ્તાન તરફથી વડાપ્રધાન **શ્રી ઈમરાન ખાન**ની જગ્યાએ તેમના સ્વાસ્થ્ય પ્રધાન **શ્રી જફર મિર્ઝા**એ ભાગ લીધો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ઈમર્જન્સી ફંડની રચના

આ કોન્ફરન્સમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ કોરોના વાઈરસ સામે લડવા માટે **ઈમર્જન્સી ફંડ** એકઠું કરવાનું સૂચન કર્યું હતું.

- અને આ ફંડમાં ભારત **10 મિલિયન ડોલર** એટલે કે **આશરે 74 કરોડ** આપશે એવી જાહેરાત પણ કરી હતી.
- આ ફંડ એકબીજા દ્વારા સ્વૈચ્છિક રીતે થતા દાન થકી એકઠું કરવામાં આવશે.
- આ ફંડનો ઉપયોગ સાર્ક સભ્યોમાંથી કોઈપણ દેશ કરી શકશે.

### SAARC

**SAARC**નું પૂરું નામ **South Asian Association for Regional Cooperation (દક્ષિણ એશિયાઈ ક્ષેત્રીય સહયોગ સંગઠન - દક્ષેસ)** છે.

- સાર્ક એ **દક્ષિણ એશિયા**માં આવેલા **8 દેશો**નું એક સંગઠન છે.
- આર્થિક અને ભૂરાજકીય સહયોગના ઉદ્દેશથી **8 ડિસેમ્બર, 1985**ના રોજ આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક **નેપાળ**ના **કાઠમંડુ** ખાતે આવેલું છે.
- **8 ડિસેમ્બર, 1985**ના રોજ **બાંગ્લાદેશ**ના **ઢાકા** ખાતે યોજાયેલી આ સંગઠનની **પ્રથમ** શિખર પરિષદમાં **ભારત, બાંગ્લાદેશ, નેપાળ, ભૂટાન, શ્રીલંકા, માલદિવ અને પાકિસ્તાન** એમ કુલ **7 દેશો** દ્વારા આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ **એપ્રિલ 2007**માં ભારતના **નવી દિલ્હી** ખાતે યોજાયેલા સાર્ક દેશોના **14મા** સંમેલનમાં આ સંગઠનના **8મા સભ્ય દેશ** તરીકે **અફઘાનિસ્તાન**નો સમાવેશ થયો હતો.

## ICE Questions

1. ભારતમાં CPCB દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વે અનુસાર પર્યાવરણની જાળવણીના નિયમોના ભંગની બાબતમાં ભારતના કયા રાજ્યના સૌથી વધુ ઉદ્યોગોનો સમાવેશ થયો છે ?
   (A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) ઓડિશા (D) ઉત્તરપ્રદેશ **(A)**

2. તાજેતરમાં ફેલાયેલ કોરોના વાઈરસને કારણે સર્જાયેલી વિપરિત પરિસ્થિતિનો સામનો કરવા માટે 15 માર્ચ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કયા સંગઠનના વડાઓની વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી ?
   (A) ASEAN (B) SCO (C) SAARC (D) BIMSTEC **(C)**

3. કોરોના વાઈરસ સામે લડવા માટે રચાનાર SAARC દેશોના ઈમર્જન્સી ફંડમાં ભારત સરકારે કેટલા મિલિયન ડોલર આપવાની જાહેરાત કરી હતી ?
   (A) 5 (B) 10 (C) 20 (D) 50 **(B)**

4. સાર્કના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તેનું પૂરું નામ South Asian Association of Regional Cooperation છે.
   2. તેમાં 8 સભ્ય દેશો છે.
   3. તેનું વડું મથક બાંગ્લાદેશના ઢાકા ખાતે આવેલું છે.
   4. નેપાળના કાઠમંડુ ખાતે 8 ડિસેમ્બર, 1985ના રોજ તેની સ્થાપના થઈ હતી.
   (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2 (D) 2 **(D)**

5. સાર્ક દેશોના સભ્યોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?
   (A) નેપાળ (B) માલદિવ (C) ઈન્ડોનેશિયા (D) ભૂટાન **(C)**

6. સાર્ક દેશોમાં 8મા સભ્ય તરીકે વર્ષ 2007માં કયા દેશનો સમાવેશ થયો હતો ?
   (A) શ્રીલંકા (B) નેપાળ (C) અફઘાનિસ્તાન (D) પાકિસ્તાન **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 18 MARCH, 2020 WEDNESDAY

### ➤ ભારતમાં કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર અને પૂર્વોત્તરના ચાર રાજ્યોમાં સીમાંકન માટે સીમાંકન આયોગની રચના

ભારતમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ શ્રીમતી રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં એક સીમાંકન આયોગની રચના કરવામાં આવી છે.

- ભારતમાં સીમાંકન એક્ટ, 2002ની કલમ 3 અંતર્ગત આ સીમાંકન આયોગની રચના કરવામાં આવી છે.
- ભારતમાં આ અગાઉ 1952, 1963, 1973 અને 2002માં સીમાંકન આયોગની રચના કરવામાં આવી હતી.

### ભારતના કયા પ્રદેશોમાં સીમાંકન માટે આ આયોગની રચના કરવામાં આવી છે ?

ભારતમાં નવ રચિત કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર ઉપરાંત પૂર્વોત્તરના ચાર રાજ્યો -

(1) અરૂણાચલ પ્રદેશ (2) આસામ (3) મણિપુર અને

(4) નાગાલેન્ડમાં સીમાંકન માટે આ આયોગની રચના કરવામાં આવી છે.

## જમ્મુ કાશ્મીરમાં સીમાંકન

આ આયોગ દ્વારા ભારતમાં નવ રચિત કેન્દ્ર શાસિત પ્રદેશ **જમ્મુ કાશ્મીર**માં **લોકસભા અને વિધાનસભા** ક્ષેત્રોનું સીમાંકન કરવામાં આવશે.

- જમ્મુ કાશ્મીરમાં **'જમ્મુ કાશ્મીર પુનર્ગઠન એક્ટ 2019'**ની જોગવાઈ અનુસાર આ સીમાંકન કરવામાં આવશે.
- જેમાં જમ્મુ કાશ્મીર **વિધાનસભા**ની કુલ **107 બેઠકો**માં બીજી **7 બેઠકો**નો વધારો કરીને **કુલ 114** કરવામાં આવશે.
- જમ્મુ કાશ્મીરમાં **2011**ની **વસતી ગણતરી** અનુસાર આ સીમાંકન થશે.
- જમ્મુ કાશ્મીરમાં હાલ **લોકસભા**ની **5 બેઠકો** આવેલી છે. આ સીમાંકન બાદ પણ જમ્મુ કાશ્મીરમાં **લોકસભા**ની બેઠકોની સંખ્યા **પાંચ** જ રહેશે.

## પૂર્વોત્તરના 4 રાજ્યોમાં સીમાંકન

આ સીમાંકન આયોગ દ્વારા પૂર્વોત્તરના **ચાર** રાજ્યો **અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર અને નાગાલેન્ડ**માં પણ **લોકસભા અને વિધાનસભા** વિસ્તારોનું સીમાંકન કરવામાં આવશે.

## સીમાંકન આયોગના સભ્યો

આ સીમાંકન આયોગના સભ્યોના નામ આ પ્રમાણે છે :

(1) **શ્રીમતી રંજના પ્રકાશ દેસાઈ (અધ્યક્ષ)**

(2) **શ્રી સુશીલ ચંદ્રા (ભારતના ચૂંટણી કમિશનર)**

(3) **જમ્મુ કાશ્મીરના ચૂંટણી કમિશનર**

(4) **ચાર રાજ્યોના હોદ્દેદાર સભ્યો**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતમાં TIFAC દ્વારા 'વિજ્ઞાન જ્યોતિ' પહેલ લોન્ચ



ભારતમાં કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય અંતર્ગતના **TIFAC** દ્વારા **'વિજ્ઞાન જ્યોતિ'** યોજના લોન્ચ કરવામાં આવી છે.

- **મહિલાઓ વિજ્ઞાન ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવે** એ માટે પ્રોત્સાહન આપવા માટે **TIFAC** એટલે કે **Technology Information Forecasting and Assesment Council** દ્વારા આ યોજના લોન્ચ કરવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત પસંદગી પામેલી મહિલાઓને ભારતની NIT, IIT તથા અન્ય મુખ્ય સંસ્થાઓમાં વિજ્ઞાન શિબિરમાં ભાગ લેવાની સુવિધા આપવામાં આવશે.

## 'વિજ્ઞાન જ્યોતિ' શું છે ?

ભારતમાં છોકરીઓમાં **STEM** શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ઓક્ટોબર, 2019માં આ યોજના લોન્ચ કરવામાં આવી હતી.

- જેમાં **STEM**નું પૂરું નામ **Science, Technology, Engineering, Mathematics** છે.

## ➤ HAL દ્વારા ચાર દેશોમાં લોજિસ્ટિક્સ બેઝ સ્થપાશે

ભારત સરકારની એરોસ્પેસ અને ડિફેન્સ કંપની **HAL** દ્વારા વિશ્વના **ચાર દેશો**માં **લોજિસ્ટિક્સ બેઝ** એટલે કે **સૈન્ય તંત્ર બેઝ**ની સ્થાપના કરવામાં આવશે.

- આ ચાર દેશોમાં –

(1) **શ્રીલંકા**

(2) **વિયેતનામ**

(3) **મલેશિયા** અને

(4) **ઈન્ડોનેશિયા**નો સમાવેશ થાય છે.

- આ ચાર દેશો ભારતના **સૈન્ય હેલિકોપ્ટર** તથા **લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ** ખરીદવા માટે આકર્ષિત થાય તે હેતુથી HAL દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી છે.
- વર્ષ **2024** સુધીમાં **ભારત** દ્વારા **5 બિલિયન ડોલર**ના શસ્ત્રોની નિકાસ કરવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.
- આથી, આ લક્ષ્યની પ્રાપ્તિ માટે HAL આ પ્રયાસો કરી રહ્યું છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### HAL

**HAL**નું પૂરું નામ **Hindustan Aeronautics Limited** છે.

- HAL એ ભારતમાં કેન્દ્ર સરકારની માલિકીની Aerospace and Defence કંપની છે.
- તેનું વડું મથક **કર્ણાટક**ના **બેંગાલુરુ** ખાતે આવેલું છે.
- **23 ડિસેમ્બર 1940**ના રોજ **કર્ણાટક**ના **બેંગાલુરુ** ખાતે **શ્રી વાલચંદ હિરાચંદ** દ્વારા **Hindustan Aircraft Limited** તરીકે **HAL**ની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ **1964**માં તેનું નામ બદલીને **Hindustan Aeronautics Limited** કરવામાં આવ્યું હતું.

### ICE ? Questions

1. ભારતના કયા કેન્દ્રશાસિત પ્રદેશના સીમાંકન માટે તાજેતરમાં સીમાંકન આયોગની રચના કરવામાં આવી છે ?
   (A) જમ્મુ–કાશ્મીર (B) લદાખ (C) દિલ્હી (D) A અને B બન્ને — **(A)**
2. ભારતમાં પૂર્વોત્તરના કેટલા રાજ્યોમાં સીમાંકન માટે તાજેતરમાં સીમાંકન આયોગની રચના કરવામાં આવી છે ?
   (A) 3 (B) 4 (C) 5 (D) 6 — **(B)**
3. ભારતમાં પૂર્વોત્તરના કયા ચાર રાજ્યોમાં સીમાંકન માટે તાજેતરમાં સીમાંકન આયોગની રચના કરવામાં આવી છે ?
   (A) અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય (B) અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, ત્રિપુરા
   (C) અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, નાગાલેન્ડ (D) અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, સિક્કિમ — **(C)**
4. ભારતમાં કોની અધ્યક્ષતામાં એક સીમાંકન આયોગની રચના કરવામાં આવી છે ?
   (A) શ્રીમતી રંજના કૌશલ દેસાઈ (B) શ્રીમતી રંજના પ્રધાન દેસાઈ
   (C) શ્રીમતી રંજના પ્રકાશ દેસાઈ (D) શ્રીમતી રંજના મોહન દેસાઈ — **(C)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

5. ભારતમાં શ્રીમતી રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં રચાયેલા સીમાંકન આયોગના સભ્યોમાં ભારતના કયા ચૂંટણી કમિશનરનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) શ્રી સુનિલ અરોરા (B) શ્રી અશોક લવાસા (C) શ્રી સુશિલ ચંદ્રા (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

6. ભારતમાં છોકરીઓમાં STEM શિક્ષણને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકાર દ્વારા કઈ યોજના લોન્ચ કરવામાં આવી છે ?
(A) दिव्य ज्योति (B) જ્ઞાન જ્યોતિ (C) વિજ્ઞાન જ્યોતિ (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

7. ભારતમાં છોકરીઓમાં STEM શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા 'વિજ્ઞાન જ્યોતિ' યોજના લોન્ચ કરવામાં આવી છે.....STEMનું પૂરું નામ શું છે ?
(A) Science, Technology, Engineering, Management
(B) Science, Technology, Engineering, Mathematics
(C) Science, Technology, English, Management
(D) Science, Technology, English, Mathematics **(B)**

8. ભારત સરકારની HAL એટલે કે Hindustan Aeronautics Limited દ્વારા કયા ચાર દેશોમાં લોજિસ્ટિક્સ બેઝની સ્થાપના કરવામાં આવશે ?
(A) શ્રીલંકા, વિયેતનામ, મલેશિયા, મ્યાનમાર (B) શ્રીલંકા, વિયેતનામ, મલેશિયા, માલદિવ
(C) શ્રીલંકા, વિયેતનામ, મલેશિયા, નેપાળ (D) શ્રીલંકા, વિયેતનામ, મલેશિયા, ઈન્ડોનેશિયા **(D)**

## 19 MARCH, 2020 THURSDAY

### ➤ હરિયાણામાં આવેલા ભારતના સૌથી મોટા ધર્મચક્રને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન

ભારતમાં હરિયાણાના યમુનાનગર જિલ્લાના ટોપરા કલાન નામના ગામમાં ભારતનું સૌથી મોટું ધર્મચક્ર આવેલું છે.

- જાન્યુઆરી, 2019માં સ્થપાયેલા લોખંડના આ ધર્મચક્રને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા ભારતનું સૌથી મોટું ધર્મચક્ર હોવાનું સર્ટિફિકેટ એનાયત થયું છે.
- 24 આંકા ધરાવતા 6 ટન વજનના આ ચક્રનો વ્યાસ 30 ફૂટ છે.

### ➤ કાયદો વ્યવસ્થાની જાળવણી માટે ભારતમાં સૌપ્રથમ ગુજરાત પોલીસ દ્વારા અતિ આધુનિક ટેઝર ગનની ખરીદી

ગુજરાતમાં નાગરિકોની સુરક્ષા તથા કાયદો વ્યવસ્થાની જાળવણી માટે ગુજરાત પોલીસ દ્વારા 25 જેટલી અતિ આધુનિક ટેઝર ગનની ખરીદી કરવામાં આવી છે.

- આ સાથે જ નાગરિકોની સુરક્ષા માટે ટેઝર ગનની ખરીદી કરનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે.

#### ટેઝર ગન શા માટે ઉપયોગી છે ?

ભારતમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા ગુનેગારોને પકડવા માટે પરંપરાગત રીતે પોલીસ દ્વારા લાઠીચાર્જ અને અશ્રુવાયુનો ઉપયોગ કરવામાં આવે છે.

- જોકે તેમાં નાગરિકો અને ગુનેગારોને ઈજા થતી હોવાથી અન્ય વિકલ્પ તરીકે ગુજરાત પોલીસે ટેઝર ગનની ખરીદી કરી છે.

- ટેઝર ગનથી ટાર્ગેટના શરીરમાં **વીજપ્રવાહનું પરિવહન** થાય છે. આથી થોડીવાર માટે તેના સ્નાયુઓ જકડાઈ જાય છે અને નિષ્ક્રિય બની જાય છે.
- પરિણામે આ ગનની મદદથી ગુનેગારને ઈજા પહોંચાડ્યા વિના જીવતા પકડી શકાય છે.
- આથી, આતંકવાદી તથા રીઢા ગુનેગાર સાથેની અથડામણમાં આ ગનની મદદથી તેમને નિષ્ક્રિય કરી જીવંત હાલમાં ઈજા કર્યા વિના પકડી શકાય છે.

### આ ગન કઈ રીતે કાર્ય કરે છે ?

ટેઝર ગનની **કારતૂસ**માં રહેલા **ઈલેક્ટ્રીક પ્રોબ**ને **કમ્પ્રેસ્ડ નાઈટ્રોજન**ની મદદથી ફાયર કરવામાં આવે છે.

- આ ઈલેક્ટ્રીક પ્રોબ દ્વારા ટાર્ગેટના શરીરમાં વીજપ્રવાહનું પરિવહન થાય છે.
- આથી તે વ્યક્તિના સ્નાયુઓ થોડીવાર માટે નિષ્ક્રિય થઈ જાય છે.
- આ સ્થિતિમાં તેને ઈજા કર્યા વિના જીવતા જ ઝડપી શકાય છે.
- વળી, ઈલેક્ટ્રીક શોકની અસર ઓછી થતાં એ વ્યક્તિ ફરીથી પોતાની મૂળ સ્થિતિમાં આવી જાય છે.

## ➤ ભારતમાં આર્મી બાદ નેવીમાં પણ મહિલાઓને સ્થાયી નિયુક્તિ આપવા સુપ્રીમનો આદેશ



ભારતમાં થોડા સમય અગાઉ સુપ્રીમ કોર્ટે ભારતની **આર્મી**માં મહિલાઓને **સ્થાયી કમિશન** આપવાનો ચુકાદો આપ્યો હતો.

- આ ચુકાદા બાદ હવે સુપ્રીમ કોર્ટે **ત્રણ મહિના**માં ભારતની **નેવી**માં પણ મહિલાઓને **સ્થાયી કમિશન** એટલે કે **કાયમી નિયુક્તિ** આપવાનો આદેશ આપ્યો છે.
- આથી, ભારતમાં હવે નેવીમાં પણ મહિલાઓને સ્થાયી કમિશન મળી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE ®

### આ આદેશનું મહત્ત્વ

ભારતમાં આ અગાઉ મહિલાઓ નેવીમાં **10 વર્ષ** અને તેને **4 વર્ષ** લંબાવીને વધુમાં વધુ **14 વર્ષ** સુધી જ સેવા આપી શકતી હતી.

- જોકે, હવે સુપ્રીમના આદેશ અનુસાર તેઓ **નિવૃત્તિના સમય સુધી** સેવા આપી શકશે.
- આથી, નેવીમાં મહિલાઓને હવે નિવૃત્તિ તથા પ્રમોશનના લાભો પણ મળશે.

### સુપ્રીમ કોર્ટની કઈ બેન્ચે આ ચુકાદો આપ્યો છે ?

ભારતમાં **જસ્ટિસ ડી. વાય. ચંદ્રચુડ**ની અધ્યક્ષતામાં બનેલી સુપ્રીમ કોર્ટની બેન્ચે આ ચુકાદો આપ્યો હતો.

- આ બેન્ચના અન્ય સભ્યમાં **જસ્ટિસ રસ્તોગી**નો સમાવેશ થાય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ભારતમાં પેટ્રોલ ડીઝલની એક્સાઈઝ ડ્યુટીમાં કુલ રૂ. 3નો વધારો

તાજેતરમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવમાં ઘટાડો થતાં ભારતમાં કેન્દ્ર સરકારે પેટ્રોલ ડીઝલની એક્સાઈઝ ડ્યુટીમાં પ્રતિ લિટર કુલ 3 રૂપિયાનો વધારો કર્યો છે.

- આ સાથે જ ભારતમાં પેટ્રોલ પરની કુલ એક્સાઈઝ વધીને પ્રતિ લિટર રૂ. 22.98 થઈ ગઈ છે.
- જ્યારે ડીઝલ પરની કુલ એક્સાઈઝ વધીને પ્રતિ લિટર રૂ. 18.83 થઈ ગઈ છે.
- સરકારના આ નિર્ણયથી કેન્દ્ર સરકારની વાર્ષિક આવકમાં રૂ. 39,000 કરોડનો વધારો થશે.

**નોંધ :** (1) ભારતમાં કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલ પરની સ્પેશિયલ એક્સાઈઝ ડ્યુટીમાં પ્રતિ લિટર રૂ. 2નો વધારો કર્યો છે. અને પેટ્રોલ અને ડીઝલ પરના રોડ સેસમાં પ્રતિ લિટર રૂ. 1નો વધારો કર્યો છે.

(2) આથી, ભારતમાં પેટ્રોલ અને ડીઝલ પર સ્પેશિયલ એક્સાઈઝ ડ્યુટી અને રોડ સેસ એમ બંને મળીને કુલ એક્સાઈઝ ડ્યુટીમાં પ્રતિ લિટર આ રૂ. 3નો વધારો કરવામાં આવ્યો છે.

## ICE Questions

1. ભારતના કયા રાજ્યમાં આવેલા ધર્મચક્રને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા ભારતના સૌથી મોટા ધર્મચક્ર તરીકેનું સર્ટિફિકેટ એનાયત થયું છે ?
(A) ઉત્તરાખંડ (B) હરિયાણા (C) હિમાચલ પ્રદેશ (D) છત્તીસગઢ **(B)**

2. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ભારતના કયા રાજ્યની પોલીસ દ્વારા ભારતમાં સૌપ્રથમ ટેઝર ગનની ખરીદી કરવામાં આવી છે ?
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) દિલ્હી (D) કર્ણાટક **(A)**

3. ગુજરાતમાં કાયદો વ્યવસ્થાની જાળવણી માટે ગુજરાત પોલીસ દ્વારા કેટલી ટેઝર ગનની ખરીદી કરવામાં આવી છે ?
(A) 15 (B) 20 (C) 25 (D) 50 **(C)**

4. ભારતમાં સુપ્રીમ કોર્ટે ભારતની નેવીમાં કેટલા મહિનામાં મહિલાઓને સ્થાયી કમિશન આપવાનો આદેશ આપ્યો છે ?
(A) એક (B) બે (C) ત્રણ (D) પાંચ **(C)**

5. કોની અધ્યક્ષતામાં બનેલી સુપ્રીમ કોર્ટની બેન્ચે ભારતની નેવીમાં મહિલાઓને સ્થાયી કમિશન આપવાનો આદેશ આપ્યો છે ?
(A) જસ્ટિસ ડી. વાય. ચંદ્રચુડ (B) જસ્ટિસ રસ્તોગી
(C) જસ્ટિસ રંજન ગોગોઈ (D) જસ્ટિસ દિપક મિશ્રા **(A)**

6. ભારતમાં પેટ્રોલ અને ડીઝલ પરની સ્પેશિયલ એક્સાઈઝ અને સેસ મળીને એક્સાઈઝ ડ્યુટીમાં પ્રતિ લિટર કુલ કેટલો વધારો કરવામાં આવ્યો છે ?
(A) 1+1 = 2 (B) 2+1 = 3 (C) 2+2 = 4 (D) 3+1 = 4 **(B)**

7. ભારતમાં પેટ્રોલ અને ડીઝલ પરના સેસમાં પ્રતિ લિટર કેટલા રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે ?
(A) 1 (B) 1.5 (C) 2 (D) 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 20 MARCH, 2020 FRIDAY

## ➤ દિવસ મહિમા : 20 માર્ચ, (1) આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ (International Happiness Day)
## (2) વિશ્વ ચકલી દિવસ (World Sparrow Day)

### આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 માર્ચના રોજ **'આંતરરાષ્ટ્રીય ખુશી અથવા તો પ્રસન્નતા દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ 2012માં આ દિવસની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2013થી દર વર્ષે 20 માર્ચના રોજ આ International Happiness Dayની ઉજવણી કરવામાં આવે છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2020ની 'આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ'ની થીમ 'Happiness for All, Together' છે.

### વિશ્વ ચકલી દિવસ

ચકલીના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં 20 માર્ચના રોજ **'વિશ્વ ચકલી દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- ફ્રાન્સની **'ઈકો-સીઝ એક્શન ફાઉન્ડેશન'** અને વિશ્વના અન્ય સંગઠનો સાથે મળીને ભારતની **'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા'** દ્વારા શરૂ કરવામાં આવેલી આ એક પહેલ છે.
- આ અંતર્ગત સૌપ્રથમ વર્ષ 2010માં પ્રથમ 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- ભારતમાં ચકલીના સંરક્ષણ માટે નાસિકના નિવાસી શ્રી મોહમ્મદ દિલાવર નામના વ્યક્તિએ **'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા'**ની સ્થાપના કરી હતી.
- પર્યાવરણના સંરક્ષણ માટે 'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા' દ્વારા 20 માર્ચ, 2011થી ગુજરાતના **અમદાવાદ** ખાતેથી **'ચકલી એવોર્ડ'**નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### 'વિશ્વ ચકલી દિવસ'ની વર્ષ 2020ની થીમ

**'વર્લ્ડ સ્પેરો ડે ORG'** દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2020ની 'વિશ્વ ચકલી દિવસ'ની થીમ 'I LOVE Sparrows' છે.

**નોંધ :** ચકલીના સંરક્ષણ ઉપરાંત શહેરોમાં રહેતા અન્ય પક્ષીઓના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે પણ 20 માર્ચના રોજ 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## ➤ Animal Protection Index 2020માં ભારતનો C કેટેગરીમાં સમાવેશ

આંતરરાષ્ટ્રીય સ્તરે પશુ કલ્યાણ અંગે કાર્ય કરતી સંસ્થા World Animal Protection દ્વારા તાજેતરમાં Animal Protection Index 2020 નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અંતર્ગત પશુઓની સુરક્ષા માટે ઘડવામાં આવેલા અગત્યના કાયદાઓને આધારે વિશ્વના વિવિધ દેશોને Aથી G સુધીના રેન્ક આપવામાં આવ્યા છે.
- જેમાં સૌપ્રથમ A કેટેગરીમાં વિશ્વના એક પણ દેશનો સમાવેશ થયો નથી.
- જ્યારે B કેટેગરીમાં ડેન્માર્ક, સ્વીડન સહિત યુરોપના કેટલાક દેશોનો સમાવેશ થયો છે.
- આ ઈન્ડેક્સમાં ભારતનો સમાવેશ C કેટેગરીમાં થયો છે.
- આ ઈન્ડેક્સમાં ભારત ઉપરાંત **સ્પેન, મેક્સિકો, ફ્રાન્સ અને ન્યુઝીલેન્ડ**નો પણ C કેટેગરીમાં સમાવેશ થયો છે.

## ➤ NASSCOM એ માઈક્રોસોફ્ટ સાથે મળીને શરૂ કર્યું Innovate for Accessible India અભિયાન

ભારતમાં NASSCOM દ્વારા માઈક્રોસોફ્ટ સાથે મળીને 'Innovate for Accessible India' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

- આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, માઈક્રોસોફ્ટ ક્લાઉડ અને અન્ય ટેક્નોલોજીની મદદથી દિવ્યાંગજનોની સમસ્યાઓનું સમાધાન શોધવાનું છે.
- આ માટે આ અભિયાન અંતર્ગત ઈ-ગવર્નન્સ, રોજગાર, આરોગ્ય અને કૌશલ્ય જેવા ક્ષેત્રો પર વિશેષ ભાર મૂકવામાં આવશે.
- આ અભિયાનના ભાગીદારોમાં NASSCOM અને માઈક્રોસોફ્ટ ઉપરાંત વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય તેમજ દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગનો સમાવેશ થાય છે.

**નોંધ :** (1) NASSCOMનું પૂરું નામ National Association of Software and Service Companies છે. તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

(2) Microsoft એ અમેરિકાની મલ્ટિનેશનલ ટેક્નોલોજી કંપની છે. તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન નામના રાજ્યના રેડમંડ નામના શહેરમાં આવેલું છે.

### ICE Questions

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ' અથવા તો 'International Happiness Day' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 18 માર્ચ (B) 19 માર્ચ (C) 20 માર્ચ (D) 21 માર્ચ **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. વર્ષ 2013થી આ દિવસ ઉજવાય છે.
2. વર્ષ 2020ની ઉજવણીની થીમ 'Happiness for All, Together' છે.
(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

3. 'વિશ્વ ચકલી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 18 માર્ચ (B) 19 માર્ચ (C) 20 માર્ચ (D) 21 માર્ચ **(C)**

4. વર્ષ 2020ની 'વિશ્વ ચકલી દિવસ'ની થીમ શું છે ?
(A) Save Sparrow (B) Save Sparrow Save Bird
(C) I Love Sparrows (D) I Love Sparrow I Love Birds **(C)**

5. વર્લ્ડ એનિમલ પ્રોટેકશન દ્વારા પ્રસિદ્ધ થયેલા 'એનિમલ પ્રોટેકશન ઈન્ડેક્સ 2020'માં ભારતનો સમાવેશ કઈ કેટેગરીમાં થયો છે ?
(A) A (B) B (C) C (D) D **(C)**

6. ભારતની કઈ સંસ્થા અથવા તો કંપનીએ માઈક્રોસોફ્ટ સાથે મળીને ભારતમાં 'ઈનોવેટ ફોર એકસેસિબલ ઈન્ડિયા' અભિયાન શરૂ કર્યું છે ?
(A) NABARD (B) NASSCOM (C) SEBI (D) NSE **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

7. ભારતમાં કોની સમસ્યાઓના સમાધાન માટે 'Innovate for Accessible India' અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) શ્રમિકો (B) મહિલાઓ
(C) દિવ્યાંગજનો (D) રોજગાર વાંચ્છિત યુવાનો
(C)

## 21 MARCH, 2020 SATURDAY

➤ દિવસ મહિમા : 21 માર્ચ, (1) આંતરરાષ્ટ્રીય વન દિવસ (International Day of Forest)
(2) વિશ્વ કવિતા દિવસ (World Poetry Day)
(3) આંતરરાષ્ટ્રીય જાતિવાદી ભેદભાવ નાબૂદી દિવસ (International Day for the Elimination of Racial Discrimination)
(4) આંતરરાષ્ટ્રીય નૌરોઝ દિવસ (International Nowruz Day)
(5) વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ (World Down Syndrome Day)
(6) આંતરરાષ્ટ્રીય કલર દિવસ (International Colour Day)

### આંતરરાષ્ટ્રીય વન દિવસ

વન સંરક્ષણ વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા 28 નવેમ્બર 2012ના રોજ 21 માર્ચને આંતરરાષ્ટ્રીય વન દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત 21 માર્ચ 2013ના રોજ સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2019ના આંતરરાષ્ટ્રીય વન દિવસની થીમ 'Forests and Education' (વન અને શિક્ષણ) હતી.
- વર્ષ 2020ની 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની થીમ 'Forests and Biodiversity' (વન અને જૈવ વિવિધતા) છે.

નોંધ : (1) નવેમ્બર 2005માં 'ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO)'એ જાહેર કરેલ યાદી મુજબ વિશ્વમાં દર મિનિટે 25 હેક્ટર એટલે કે 36 ફૂટબોલ મેદાન જેટલા કુદરતી વનોનો નાશ થઈ રહ્યો છે.
(2) વૈજ્ઞાનિકોના મતે ઓછામાં ઓછી 33% જમીન વનવિસ્તાર ધરાવતી હોવી જોઈએ.

### વિશ્વ કવિતા દિવસ

વિશ્વભરમાં કવિતાના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 માર્ચના રોજ વિશ્વ કવિતા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- 1999માં પેરીસ ખાતે યોજાયેલા યુનેસ્કોના 30મા સત્રમાં યુનેસ્કો દ્વારા 21 માર્ચના રોજ વિશ્વ કવિતા દિવસની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય કવિતા ચળવળને નવી માન્યતા અને પ્રોત્સાહન આપવાનો છે.

નોંધ : (1) UNESCOનું પૂરું નામ 'યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન' છે.
(2) 4 નવેમ્બર, 1946ના રોજ યુનેસ્કોની સ્થાપના થઈ હતી.
(3) યુનેસ્કોનું વડું મથક 'ધ પ્લેસ દ ફોન્ટેનોય' ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતના પ્રસિદ્ધ ફૂટબોલર શ્રી પી. કે. બેનર્જીનું નિધન

ભારતના પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી અને ફૂટબોલ કોચ શ્રી પી. કે. બેનર્જીનું 20 માર્ચ 2020ના રોજ પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે 83 વર્ષની વયે નિધન થયું છે.

- શ્રી પી. કે. બેનર્જીનું પૂરું નામ શ્રી પ્રદિપ કુમાર બનેર્જી છે.
- તેમનો જન્મ 23 જૂન 1936ના રોજ પશ્ચિમ બંગાળના જલપાઈગુડી ખાતે થયો હતો.
- શ્રી પી. કે. બેનર્જી 1962ની એશિયન ગેમ્સમાં ઐતિહાસિક ગોલ્ડ મેડલ મેળવનારી ભારતીય ટીમમાં સામેલ હતા.
- ઈન્ટરનેશનલ ફૂટબોલ ફેડરેશને તેમને 20મી સદીના ભારતના સૌથી મહાન ખેલાડી ગણાવ્યા હતા.
- આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા તેમને 'ફેર પ્લે એવોર્ડ' પણ એનાયત થયો હતો. આ એવોર્ડ જીતનાર તેઓ ભારતીય ફૂટબોલ ઈતિહાસના એકમાત્ર ફૂટબોલર હતા.
- તેમણે ઈ.સ. 1952માં 16 વર્ષની ઉંમરે બિહાર તરફથી સંતોષ ટ્રોફીમાં ભાગ લીધો હતો.
- ઈ.સ. 1955માં બાંગ્લાદેશના ઢાકામાં રમાયેલી ચતુષ્કોણ શ્રેણીથી તેમણે આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.
- તેમણે ભારત માટે 84 મેચમાં 65 ગોલ કર્યા હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) શ્રી પી. કે. બેનર્જી ફૂટબોલની રમતમાં અર્જુન એવોર્ડ મેળવનાર ભારતના પ્રથમ ખેલાડી હતા. 1961માં તેમને આ એવોર્ડ એનાયત થયો હતો.

(2) 1990માં તેમને પદ્મ શ્રી પુરસ્કાર પણ એનાયત થયો હતો.

(3) આ ઉપરાંત FIFA દ્વારા વર્ષ 2004માં તેમને FIFAના સર્વોચ્ચ એવોર્ડ Order of Meritથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.





## ICE ? Questions

1. 'વિશ્વ કવિતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય જાતિવાદી ભેદભાવ નાબૂદી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

3. 'આંતરરાષ્ટ્રીય નૌરોઝ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

4. 'વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

5. 'વિશ્વ કલર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

6. 'આંતરરાષ્ટ્રીય વન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

7. વર્ષ 2020ની 'આંતરરાષ્ટ્રીય વન દિવસની થીમ શું છે ?
(A) Forests and World Animal
(B) Forest and World Pollution
(C) Forest and World Environment
(D) Forest and Wolrd Biodiversity **(D)**

8. ભારતમાં અર્જુન એવોર્ડ મેળવનાર પ્રથમ ફૂટબોલ ખેલાડી કોણ છે ?
(A) શ્રી મયંક વ્યાસ (B) શ્રી સંજય ચૌહાણ (C) શ્રી પી. કે. બેનર્જી (D) શ્રી આર. એલ. મહેતા **(C)**

9. ભારતના પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી શ્રી પી. કે. બેનર્જીનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) મહારાષ્ટ્ર (B) પશ્ચિમ બંગાળ (C) દિલ્હી (D) ઓડિશા **(B)**

10. શ્રી પી. કે. બેનર્જીનું તાજેતરમાં નિધન થયું છે...તેમનું પૂરું નામ શું છે ?
(A) શ્રી પ્રદિપ કુમાર બેનર્જી
(B) શ્રી પ્રમોદ કુમાર બેનર્જી
(C) શ્રી પ્રણય કુમાર બેનર્જી
(D) શ્રી પ્રવિણ કુમાર બેનર્જી **(A)**

11. શ્રી પી. કે. બેનર્જી અથવા તો શ્રી પ્રદિપ કુમાર બેનર્જી કઈ રમત સાથે સંકળાયેલા છે ?
(A) ક્રિકેટ (B) ફૂટબોલ (C) ચેસ (D) ટેનિસ **(B)**

12. ભારતના પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી શ્રી પી. કે. બેનર્જીને કયો પદ્મ પુરસ્કાર એનાયત થયો હતો ?
(A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ (C) પદ્મ વિભૂષણ (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતમાં હવે ધોરણ 5 અને 8માં બે કે તેથી વધુ વિષયમાં 35 ટકાથી ઓછું પરિણામ ધરાવતા વિદ્યાર્થીને નાપાસ કરવામાં આવશે

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલા નિર્ણય અનુસાર ગુજરાતમાં હવે **ધોરણ 5 અને 8**માં બે કે તેથી વધુ વિષયમાં **ઈ ગ્રેડ** ધરાવતા એટલે કે **35 ટકાથી ઓછું** પરિણામ ધરાવતા વિદ્યાર્થીઓને હવે વર્ગ બઢતી મળશે નહિ. આથી, આવા વિદ્યાર્થીઓને હવે **નાપાસ** ગણવામાં આવશે. જોકે, **1 થી 8** ધોરણમાંથી ધોરણ **5 અને 8** સિવાય અન્ય ધોરણમાં ઓછું પરિણામ હોય તો પણ વિદ્યાર્થીને નાપાસ કરી શકાશે નહિ.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ ભારતમાં તેલંગાણાના હૈદરાબાદ ખાતે 'વિંગ ઈન્ડિયા 2020' એર શો યોજાયો

માર્ચ 2020 દરમિયાન ભારતમાં **તેલંગાણાના હૈદરાબાદ** ખાતે 4 દિવસીય નાગરિક ઉડ્ડયન એક્ઝિબિશન અને એર શો **'વિંગ ઈન્ડિયા 2020'**નું આયોજન થયું હતું. આ આંતરરાષ્ટ્રીય એક્ઝિબિશનમાં ભારત નિર્મિત એરક્રાફ્ટ સહિત દુનિયાભરના એરક્રાફ્ટ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. ભારત સરકારના **નાગરિક ઉડ્ડયન મંત્રાલય** અને **એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા** દ્વારા આ એર શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ➤ વર્ષ 2020-21માં ભારતનો GDP 5.1 ટકા રહેવાનો ફિચનો અંદાજ

જાણીતી વૈશ્વિક રેટિંગ એજન્સી **ફિચ** દ્વારા **માર્ચ 2020**માં પ્રસિદ્ધ થયેલા તેના રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ **2020-21** દરમિયાન **ભારત**નો **GDP વૃદ્ધિ દર 5.1 ટકા** રહેવાની સંભાવના છે. જોકે, આ અગાઉ **ડિસેમ્બર 2019**માં પ્રસિદ્ધ થયેલા ફિચના રિપોર્ટમાં ભારતનો GDP વૃદ્ધિ દર **5.6 ટકા** રહેવાનો અંદાજ વ્યકત કરવામાં આવ્યો હતો. જે હવે ઘટાડીને **5.1 ટકા** કરવામાં આવ્યો છે.

# વિશ્વ

## ➤ પ્રવાસીઓને પોતાના દેશમાં પાછા મોકલવા માટે ગ્રીસ અને યુરોપિયન યુનિયન દ્વારા ઘરવાપસી યોજના લોન્ચ

વિદેશથી આવેલા શરણાર્થી પ્રવાસીઓની ભીડ ઓછી કરવા માટે **ગ્રીસ અને યુરોપિયન યુનિયન** દ્વારા **ઘરવાપસીની એક યોજના** લોન્ચ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત **1 જાન્યુઆરી 2020** પહેલા **ગ્રીસ કે યુરોપ**માં પહોંચી ચૂકેલા કોઈ વિદેશી શરણાર્થી કે પ્રવાસીઓ સ્વેચ્છાએ તેમના ઘરે એટલે કે પોતાના વતન પાછા ફરશે તો તેમને **7000 યુરો** આપવામાં આવશે. આ 7000 યુરોમાંથી **5000 યુરો** **ગ્રીસ** ચૂકવશે અને બાકીના **2000 યુરો**ની મદદ **યુરોપિયન યુનિયન** કરશે. આ યોજના ફક્ત **એક મહિના** માટે જ લાગુ કરવામાં આવી છે.

## ICE Questions

- ધોરણ 1થી 8માંથી કયા ધોરણમાં નબળું પરિણામ ધરાવતા વિદ્યાર્થીઓને ગુજરાતમાં હવે નાપાસ કરી શકાશે ? – ધોરણ 5 અને 8
- ગુજરાતમાં હવે ધોરણ 5 અને 8માં કેટલા વિષયમાં ઈ ગ્રેડ ધરાવતા અથવા તો 35 ટકાથી ઓછું પરિણામ ધરાવતા વિદ્યાર્થીઓને નાપાસ ગણવામાં આવશે ? – બે કે તેથી વધુ
- માર્ચ 2020 દરમિયાન ભારતના કયા શહેરમાં નાગરિક ઉડ્ડયન એક્ઝિબિશન અને એર શો 'વિંગ ઈન્ડિયા 2020'નું આયોજન થયું હતું ? – હૈદરાબાદ (તેલંગાણા)
- માર્ચ 2020 દરમિયાન પ્રસિદ્ધ થયેલા ફિચના રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ? – 5.1 ટકા
- પ્રવાસીઓને પોતાના દેશમાં પરત મોકલવા માટે યુરોપિયન યુનિયન અને કયા દેશે ઘર વાપસી યોજના લોન્ચ કરી છે ? – ગ્રીસ
- પોતાના દેશમાં પરત જનાર શરણાર્થી અથવા તો પ્રવાસીને ઘર વાપસી યોજના અંતર્ગત ગ્રીસ અને યુરોપિયન યુનિયન દ્વારા કેટલા રૂપિયા આપવામાં આવશે ? – 7000 યુરો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોના વાઈરસ સામે લડવા માટે ભારતમાં કયા દિવસે જનતા કરફ્યુની જાહેરાત કરી હતી ? – 22 માર્ચ
2. ભારતના કયા રાજ્યના મુખ્યમંત્રીએ બહુમતી ગુમાવતાં વિશ્વાસ મત અગાઉ જ મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યું છે ? – મધ્યપ્રદેશ
(મધ્યપ્રદેશમાં મધ્યપ્રદેશ વિધાનસભા અધ્યક્ષે 22 બળવાખોર ધારાસભ્યોના રાજીનામા સ્વીકારી લીધા હોવાથી વિશ્વાસ મત જીતવો મુશ્કેલ લાગતા શ્રી કમલનાથે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું છે)
3. 20 માર્ચ 2020ના રોજ 'નિર્ભયા કેસ'ના ચારેય દોષિતોને કઈ જેલમાં ફાંસી આપવામાં આવી હતી ? – તિહાર જેલ (દિલ્હી)
4. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતની તમામ કુલ કેટલી રેન્જમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યા છે ? – નવ
5. ગુજરાતમાં સૌપ્રથમ વખત કયા જિલ્લા દ્વારા જિલ્લા પંચાયતનું બજેટ ઓનલાઈન રજૂ કરવામાં આવ્યું છે ? – મહેસાણા
(માર્ચ 2020 દરમિયાન નવતર પ્રયોગ સ્વરૂપે ગુજરાતમાં સૌપ્રથમ વખત મહેસાણા જિલ્લામાં જિલ્લા પંચાયતનું બજેટ ઓનલાઈન રજૂ કરવામાં આવ્યું છે.)
6. કોરોના વાઈરસ અથવા તો COVID-19ના નિયંત્રણ માટે ભારત સરકાર દ્વારા કોની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે ?
– ડો. વી. કે. પોલ (નીતિ આયોગના સભ્ય શ્રી વી. કે. પોલની અધ્યક્ષતામાં રચાયેલી આ સમિતિમાં 21 સભ્યોનો સમાવેશ થાય છે.)
7. એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) દ્વારા કોરોના વાઈરસ સામે લડવા માટે કેટલા બિલિયન ડોલરના પેકેજની જાહેરાત કરવામાં આવી છે ? – 6.5 બિલિયન ડોલર
8. ભારતના કયા રાજ્યની સરકારે કોરોના વાઈરસ સામે લડવા માટે રૂ. 20,000 કરોડના પેકેજની જાહેરાત કરી છે ? – કેરળ
9. ભારતના કયા રાજ્યની સરકારે કોરોના વાઈરસના પ્રકોપને કારણે રાજ્યના તમામ નાગરિકોને 10 કિલોગ્રામ અનાજ મફત આપવાની જાહેરાત કરી છે ? – કેરળ
10. Defense Ecquisition Council (DCA) દ્વારા ભારતીય વાયુસેના માટે કેટલા સ્વદેશી તેજસ યુદ્ધવિમાન ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે ? – 83
11. ભારતની કઈ સંસ્થા અથવા તો કંપની પાસેથી DCA દ્વારા ભારતીય વાયુસેના માટે 83 તેજસ વિમાન ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે ? – HAL (Hindustan Aeronautics Limited)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

12. ભારતના કયા રાજ્યની સરકારે SC/ST કર્મચારીઓ માટે પ્રમોશનમાં અનામતની જોગવાઈ હટાવી લીધી છે ?
– ઉત્તરાખંડ

13. વિશ્વની કઈ ખાનગી સ્પેસ એજન્સીએ મે 2020 સુધીમાં આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પ્રથમ અવકાશ યાત્રી મોકલવાની જાહેરાત કરી છે ? – સ્પેસ એક્સ

14. તાજેતરમાં ભારતમાં લોકસભામાં પસાર થયેલા વિમાન સંશોધન બિલ 2020 અંતર્ગત કેટલી નિયમનકારી સંસ્થાઓને વૈધાનિક સંસ્થાનો દરજ્જો આપવાની જોગવાઈ કરવામાં આવી છે ? – ત્રણ
(આ ત્રણ સંસ્થાઓમાં ‘ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન 'DGCA’, ‘બ્યૂરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટીઝ - BCAS અને ‘એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો’ – AAIBનો સમાવેશ થાય છે.)

15. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ‘માય એન્કાઉન્ટર્સ ઈન પાર્લિયામેન્ટ’ પુસ્તકના લેખક કોણ છે ?
– શ્રી ભાલચંદ્ર મુંગેકર
(ભારતના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ શ્રી હામિદ અન્સારીએ તાજેતરમાં આ પુસ્તકનું વિમોચન કર્યું છે.)

16. ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે કોના વિશે લખાયેલા 'Invincible' નામના પુસ્તકનું વિમોચન કર્યું છે ?
– શ્રી મનોહર પારિકર
(ભારતના પૂર્વ સંરક્ષણ મંત્રી તથા ગોવાના પૂર્વ મુખ્યમંત્રી શ્રી મનોહર પારિકર વિશે લખાયેલા આ પુસ્તકનું નામ 'Invincible-A Tribute to Manohar Parikar' છે.)

17. WEF અથવા તો વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી વિશ્વના 115 યુવા નેતાઓની યાદીમાં ભારતના કેટલા વ્યક્તિઓનો સમાવેશ થયો છે ? – 5

18. ભારતમાં કેન્દ્ર સરકારે કયા એક્ટ અંતર્ગત માસ્ક અને સેનેટાઈઝરને આવશ્યક વસ્તુ જાહેર કરી છે ?
– આવશ્યક વસ્તુ અધિનિયમ 1955

19. ભારતમાં MEIS એટલે કે Merchandise Export Incentive Schemeની જગ્યાએ કેન્દ્રીય મંત્રીમંડળે કઈ યોજનાને મંજૂરી આપી છે ? – RoDTEP

20. RoDTEPનું પૂરું નામ શું છે ? – Remission of Duties or Taxes on Exports Products

21. ભારતમાં ‘ગ્રીન હાઈવેઝ પ્રોજેક્ટ’ અંતર્ગત કુલ ખર્ચના કેટલા ટકા રકમ વૃક્ષારોપણ અને તેની જાળવણી માટે ખર્ચ કરવામાં આવે છે ? – 1 ટકા

22. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા નોટિફિકેશન અનુસાર ભારતમાં Urban Cooperative Banks (UCBs) માટે Single Borrowerને લોન આપવાની લિમિટ કેટલી નક્કી કરવામાં આવી છે ? – 15 ટકા

23. ભારતમાં ‘ગંગા આમંત્રણ અભિયાન’ અંતર્ગત કયા બે સ્થળો વચ્ચે ઓપન વોટર રાફ્ટિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું ? – દેવપ્રયાગ, ઉત્તરાખંડથી ગંગાસાગર, પશ્ચિમ બંગાળ

24. તોફાન, હુલ્લડ અથવા તો રમખાણ કરનાર વ્યક્તિઓ પાસેથી જાહેર સંપત્તિને થયેલા નુકસાનની રકમ વસૂલવા માટે ભારતના કયા રાજ્યની સરકાર દ્વારા વટહુકમ પસાર કરવામાં આવ્યો છે ? – ઉત્તરપ્રદેશ
(ઉત્તરપ્રદેશ સરકારે આ માટે ‘જાહેર અને ખાનગી સંપત્તિના નુકસાનની પુનઃપ્રાપ્તિ માટે વટહુકમ, 2020’ પસાર કર્યો છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

25. કેન્દ્રીય મંત્રી શ્રી જીતેન્દ્ર સિંહે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં વિવિધ સરકારી નોકરીઓ માટે ક્યારથી એક જ Common Eligibility Test (CET)નું આયોજન કરવામાં આવશે ? – 2021

26. વર્ષ 2019-20માં સંરક્ષણ ઉપકરણોની ખરીદી માટે કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયે કરેલા કરારોમાં ભારતીય કંપનીઓનો હિસ્સો કેટલા ટકા છે ? – 75.03%

(વર્ષ 2015-16માં આ હિસ્સો 39.06 ટકા હતો, જોકે ભારત સરકારની 'મેક ઈન ઈન્ડિયા' નીતિને કારણે આ હિસ્સો હવે વધીને 75.03 ટકા થઈ ગયો છે.)

27. ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા ભારતની સુપ્રીમ કોર્ટના કયા પૂર્વ ચીફ જસ્ટિસને રાજ્યસભાના સભ્ય તરીકે નિમવામાં આવ્યા છે ? – શ્રી રંજન ગોગોઈ

28. શ્રી રંજન ગોગોઈ ભારતના કેટલામા મુખ્ય ન્યાયાધીશ હતા ? – 46મા

29. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અનુસાર રાષ્ટ્રપતિ વિશેષ જ્ઞાન ધરાવતા લોકોની રાજ્યસભાના સભ્ય તરીકે નિમણૂક કરી શકે છે ? – અનુચ્છેદ 80(3)

(આ અંતર્ગત વિજ્ઞાન, કળા, સાહિત્ય, સમાજ વગેરે ક્ષેત્રોના વિદ્વાનોની રાષ્ટ્રપતિ રાજ્યસભાના સભ્ય તરીકે નિમણૂક કરી શકે છે.)

30. ભારતની રાજ્યસભામાં કુલ કેટલી બેઠકો આવેલી છે ? – 250

31. ભારતની રાજ્યસભાની કુલ 250 બેઠકોમાંથી ભારતના રાષ્ટ્રપતિ કેટલા સભ્યોની નિમણૂક કરી શકે છે ? – 12

32. સ્પર્ધાત્મક વર્તન માટે કયા દેશે એપલને 1.1 બિલિયન યુરોનો દંડ ફટકાર્યો છે ? – ફ્રાન્સ

33. રાજસ્થાનનું કયું શહેર 'ભારતના સંગેમરમર શહેર' તરીકે પ્રસિદ્ધ છે ? – કિશનગઢ

(રાજસ્થાનના કિશનગઢ શહેરને RCS-UDAN યોજના અંતર્ગત હાલ ઈન્દોર સાથે જોડવામાં આવ્યું છે. આથી તે હાલ ચર્ચામાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા
અપાવનાર સંસ્થા

2020

# ICE®

**INSTITUTE FOR COMPETITIVE EXAMS**

# A COACHING CLASS FOR GOVERNMENT JOB

## ગાંધીનગર

Gh-2, Sector-6, 2nd Floor,
Near Iscon Gathiya,
Gandhinagar-382006

**CALL : 81406-01110 / 81407-01110**

## રાજકોટ

**HEAD OFFICE**
SHREE SADGURU SHOPPING CENTRE,
2nd FLOOR, Nr. AKSHAR MANDIR, OPP. TIRUPATI
PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT

**MO. 93757-01110 / 93280-01110**

## જૂનાગઢ

Perry Plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda
Road, Junagadh - 3620001

**CALL : 76985-01110/76986-01110**

## અમદાવાદ

127, Ratna Business Square, Old Natraj
Cinema, Opp. H.K. Collage, Ashram Road,
Ahmedabad - 380009

**CALL : 8469501110/8469601110**

## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- STI
- PI
- PSI/ASI
- Dy. S.O.
- Dy.MAM.
- TALATI
- CONSTABLE
- IBPS
- SBI
- PO
- CLERK

Website iceonline.in | JOIN TELEGRAM t.me\icerajkotofficial | YouTube icerajkot | Facebook icerajkot | INSTAGRAM icerajkot